| No. | 2022/0071 |
|---|---|

# જામનગર મહાનગરપાલિકા

નંબર :— જેએમસી/ટી.પી./બી./૨૯/વિ.પ./ ૭૨ /૨૦૨૨ તારીખ : ૧૫/૦૬/૨૦૨૨

જુઓ નિયમ નંબર – ૫ – ૧

## ફોર્મ નં. ૫ : વિકાસ કાર્યની મંજુરી

ગુજરાત નગર આયોજન અને વિકાસ માટેના ૧૯૭૬ ના પ્રેસીડેન્ટ એકટ નં.૨૭ ની કલમ ૨૯(૧) : ૨૯(૧)(૨) : ૨૯(૧)(૩) અથવા ૪૯ (૧)(બી) તથા ધી બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ ૨૫૩–૨૫૪ મુજબ પરવાનગી આપવામાં આવે છે. ૧) ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી રીયલ એસ્ટેટ(રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ ની કલમ–૩ ની જોગવાઈ મુજબ, રાજયમાં કોઈપણ વિકાસકાર (પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેકટ જેવા કે પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી રાજય સરકાર ધ્વારા રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી(રેરા) ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકશે નહી. ૨) ગુજરાત કમ્પ્રેહેન્સીવ જનરલ ડેવલેપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશન–૨૦૧૭ જેના સેકશન–ડી "પરફોર્મન્સ રેગ્યુલેશન" હેઠળ ખાનગી રહેણાંકના મકાનો સિવાયના તમામ બાંધકામો, Barrier Free TYF Universal accessibility ના ધોરણો (પાર્કીંગ, સેનેટરી સુવિધા, સાઈનેજ, ફલોરીંગ, રેમ્પ, એકસેસ પાથ વિગેરે) મુજબ તમામ જોગવાઈઓ પરીપૂર્ણ કરવાના રહેશે.

પ્રતિ : સીટી એન્જીનીયરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર.

સરનામું : જામનગર મહાનગરપાલિકા, જામનગર.

બાંધકામનું સ્થળ : EWS - II આવાસ યોજના, ટી.પી સ્કીમ નં.૧(જે.એમ.સી), એફ.પી નં.૬૩, પોલીસ હેડકવાર્ટર પાછળ, શરૂ સેકશન રોડ, જામનગર.

બાંધકામનો પ્રકાર : હાઈરાઈઝ બિલ્ડીંગ P + 8 (6 TOWERS - G+3 કોમર્શીયલ)

બાંધકામના વપરાશનો હેતુ : રહેણાંક + બિન–રહેણાંક

**બાંધકામનું વર્ણન :–**

ગ્રાઉન્ડ ફલોર :– એક સિકયુરીટી કેબીન, એક સિકયુરીટી રૂમ ટોઈલેટ સાથે, સતર લીફટ, બાર સ્ટેર, સેપ્ટીક ટેન્ક, ફાયર વોટર ટેન્ક, અન્ડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક, પાર્કિંગ, ઓપન કમ્પાઉન્ડ વોલ તેમજ ચોત્રીસ દુકાન, ત્રણ સ્ટેર, ચાર લીફટ, બે ટોઈલેટ બ્લોક સાથેનું બાંધકામ–

ફર્સ્ટ ફલોર થી એઈટથ ફલોર :– એક લીવીંગ/ ડાઈનીંગ રૂમ, એક બેડરૂમ, એક સ્ટડીરૂમ, એક કિચન, એક સી.બી., એક ડબલ્યુ.સી., એક બાથ, એક વોશ એરીયા એવો એક એમ દરેક "એ–ટાઈપ" ટાવરમાં બાર–બાર ફલેટ એમ ૧ થી ૫ ટાવરમાં કુલ મળી એક ફલોર પર ૬૦ સાંઈઠ ફલેટ મળી ફર્સ્ટ ફલોરથી એઈટથ ફલોર સુધીમાં કુલ ૪૮૦ (ચારસો એંસી) રહેણાંક હેતુના ફલેટ તથા એક લીવીંગ/ ડાઈનીંગ રૂમ, એક બેડરૂમ, એક સ્ટડીરૂમ, એક કિચન, એક સી.બી., એક ડબલ્યુ.સી., એક બાથ, એક વોશ એરીયા એવો એક એમ દરેક "બી–ટાઈપ" ટાવરમાં આઠ ફલેટ એમ ૧ ટાવરમાં કુલ મળી એક ફલોર પર ૮ (આઠ) ફલેટ મળી ફર્સ્ટ ફલોરથી એઈટથ ફલોર સુધીમાં કુલ ૬૪ (ચોંસઠ) રહેણાંક હેતુના ફલેટનું બાંધકામ તથા દરેક ફલોર પર બાર સ્ટેર, સતર લીફટ તથા પેસેજ સાથેનું બાંધકામ–

ફર્સ્ટ ફલોર થી થર્ડ ફલોર (કોર્મશીયલ) :– ફર્સ્ટ ફલોર પર સાડત્રીસ દુકાન, ત્રણ સ્ટેર, બે ટોઈલેટ બ્લોક, ચાર લીફટ સાથેનું બાંધકામ તેમજ સેકન્ડ ફલોર પર એક વોર્ડ/ઝોનલ ઓફીસ, એક લાયબ્રેરી, એક જીમ, એક હોલ, ત્રણ સ્ટેર, બે ટોઈલેટ બ્લોક, ચાર લીફટ, પેસેજ સાથેનું બાંધકામ તેમજ થર્ડ ફલોર પર એક વોર્ડ/ઝોનલ ઓફીસ, એક લાયબ્રેરી, એક જીમ, એક હોલ, ત્રણ સ્ટેર, બે ટોઈલેટ બ્લોક, ચાર લીફટ, પેસેજ સાથેનું બાંધકામ–

ટેરેસ ફલોર :– પંદર સ્ટેર કેબીન, ઓગણીસ લીફટ મશીન રૂમ, તેર વોટર ટેંક, સાત ફાયર વોટર ટેન્ક, ઓગણીસ ફેબ્રીકેટેડ સ્ટેર તથા ઓપન ટેરેસ પારાપેટ વોલ સાથેનું બાંધકામ

આમ, ઉકત વિગતોએ ગ્રાઉન્ડ ફલોરથી એઈટથ ફલોર સુધીમાં "એ–ટાઈપ" પાંચ ટાવર - A, B, C, D, E તથા "બી–ટાઈપ" નો એક ટાવર - F મળી કુલ છ ટાવર - A,B,C, D, E, F માં ૫૪૪ (પાંચસો ચુંમાલીસ) રહેણાંક હેતુના ફલેટ તેમજ એક બિન–રહેણાંક હેતુનું બાંધકામ અત્રેથી મંજુર થયેલ પ્લાન મુજબ કરવાની પરવાનગી આપવામાં આવે છે. કંમ્પલીશન લેતા સમયે ટેકનીકલ ઓડીટ રીપોર્ટ તથા ફાયર એન.ઓ.સી મેળવીને રજુ કરવાનો રહેશે, તથા એરફોર્સ ઓથોરીટીનું એન.ઓ.સી મેળવી લેવાનું રહેશે.

**આસી. ટાઉન પ્લાનીંગ ઓફિસર**
**જામનગર મહાનગરપાલિકા**

**સીટી એન્જીનીયર**
**ટાઉન પ્લાનીંગ શાખા**
**જામનગર મહાનગરપાલિકા**
14/7/22

નોંધ :– સદરહુ બાંધકામ જામનગર મહાનગરપાલિકાની માલિકીની જમીન પર જ સરકારશ્રીની ગ્રાંટ અંતર્ગતનું હોય, વિકાસ કાર્ય માટે કોઈ ચાર્જીસ વસુલવાના રહેતા નથી.